Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश

# JAINA DHARMA PRAKASHA.

પુ. ૧૩ મું સંવત. ૧૯૫૩ના આષાઢ સુદ ૧૫ અંક ૫ મો.

मालिनी

मनसि वचसि काये, पुण्य पीयूषपूर्णाः ।
त्रिभुवनमुपकार श्रेणिभिः प्रिणयंतः ॥
परगुणपरमाणून्, पर्वती कृत्य नित्यं ।
निज हृदि विकसंतः सांति संतः कियंत ॥१॥

प्रगट कर्त्ता.

## जैनधर्मप्रसारकसभा.

ભાવનગર.

શક ૧૮૧૯ સને ૧૮૯૭
અમદાવાદ—"ઓગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસ."માં
નથુભાઈ રતનચંદ મારફતીઆએ છાપી પ્રસિદ્ધ કર્યું.
મૂલ્ય વર્ષનો રૂ. ૧) પોસ્ટેજ ત્રણ આના
છુટક અંક એકના બે આના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | સંસાર વૃક્ષ (પદ્ય) | ૬૧ |
| ૨ | સૌભાગ્ય કુટુંબ કથા. | ૬૬ |
| ૩ | પ્રશ્નોત્તર. | ૭૧ |
| ૪ | બાળજીવન શિક્ષાપાઠ, | ૭૩ |
| ૫ | મૈત્રીભાવના | ૭૬ |
| ૬ | પર્યુષણ સંબંધી ઉદ્ગારો. | ૮૦ |


આ ચોપાનીયું રખડતું મૂકી આશાતના કરવી નહીં.

### ગ્રાહકોને ભેટ.

# मुनिराज श्रीवृद्धिचंदजी जन्म चरित्र.

ગયા વર્ષની ભેટ તરીકે નિર્માણ કરેલું આ ચરિત્ર હજુ તૈયાર થાય છે. છપાઈ બહાર પડયેથી લવાજમ મોકલનાર સર્વે ગ્રાહકોને તરતજ રવાને કરશું માટે લવાજમ ના મોકલ્યું હોય તેમણે તરતજ મોકલાવવું ભેટના પોસ્ટેજ માટે અરધો આનો વધારે મોકલવો.

તંત્રી.

### શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર,

### ભાગ ૩ જો.

આ વર્ષમાં બીજા ને ત્રીજા બે પર્વનું ભાષાંતર સંપૂર્ણ આવશે. ચરિત્રો ૩૦ મહા પુરૂષોના આવશે. તેમાં પહેલો ફો-રમ આ અંક બહાર પડેલ છે. બીજો પણ તાકીદે બહાર પાડ-વામાં આવશે. આ ચરિત્રની રસીકતા ને ઉપયોગીપણું વર્ણવવું પડે એમ નથી. બે વર્ષના બે પુસ્તકોથી અને આ વર્ષના પ-હેલા અંકથી ગ્રાહકોના હિતનું રંજન થયેલું છે કારણ કે કથા પુરૂષ કર્મીકાળ સંબંધી છે.

આ વર્ષનું લવાજમ પોસ્ટેજ સાથે રૂ૧॥, ભાવનગર ના ઘરાકો રૂ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જૈનમતરસ રસનાયકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસભક્ત જે, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૧૩ મું. શક ૧૮૧૯ શ્રાવણ શુદિ ૧૫. સંવત ૧૯૫૩ અંક ૫ મો.

## भवरुपी वृक्ष

( ગઝલ * )

ભવવૃક્ષ ખીલ્યું જગતના ઉદ્યાનમાં પ્રતિ વ્યક્તિમાં,
અજ્ઞાન મૂલે દૃઢ બની વિસ્તાર પામ્યું શક્તિમાં. ૧
દુઃખકાર સર્વકષાય પલ્લવ વૃંદથી વ્યાપી રહ્યું,
બહુ માન માયા મંજરીના જોરમાં જામી રહ્યું. ૨
ધન પુત્ર દારા રૂપ શાખા સંગથી શોભા ધરે,
બહુ ભંગવાળા રંગથી રંગેલ થઇ મનને હરે. ૩
અજ્ઞાન ક્યારે મોહ જલથી વૃદ્ધિ પામે સીંચતા,
મિથ્યાત્વ કુમતિ વાડથી રક્ષાય તે સુખ સેવતા. ૪
શૃંગાર પુષ્પો ખીલિયા બહુ ભોગવાસે મ્હેકતા,
મન ભૃંગ ગુંજારવ કરે રસ રંગમાં અતિ લ્હેકતાં ૫
કરી વાસ અપરંપાર જંતુ પક્ષી કોલાહલ કરે,
પરિતાપ ધારી ચિત્રકારી ચિત્ત જે છાયા ધરે. ૬

* આ કવિતા હરીગીત છંદમાં પણ ગવાય છે.

For Private And Personal Use Only

ફલ નરક કેરા આપતું બહુ દુઃખ છાપો છાપતું,
જે ખીલતું ઋતુ સર્વમાં અવિચળ રહે સુખ કાપતું.
એ વૃક્ષનો ઉચ્છેદ કરવા સજ્જનો ચિત જો કરો;
ચારિત્ર ચારૂ કુહાર નર્મદ હસ્તમાં હર્ષે ધરો.

---

# सकषाय कुटुंब कथा.

( અનુસંધાન પૃષ્ટ ૫૪ થી )

**અગ્નિશિખા** જે મરણ પામીને સર્પીણી થઇ છે તે આમ તેમ ભમતી ભમતી જ્યાં પૂર્વે બે વહુઓ તેને છેતરીને દ્રવ્ય કાઢી લઇ દાટયું છે ત્યાં આવી. અને તે નિધાન જોઇ હર્ષ પામી. પછી જાણે તેની અધિષ્ટાયક હોય તેમ લોભ સંજ્ઞાવડે ત્યાંજ રખેવાળુ કરીને રહી. અન્યદા **સંચયાને** ઠગીને નાની વહુ **નિકૃતિ** એકલી તે દ્રવ્ય લેવા આવી. તેને દેખતાજ સાપણને વૈરભાવ ઉત્પન્ન થયો એટલે તે દ્રવ્ય લેવા ગઇ કે તરત તેને ડંશ દીધો જેથી તત્કાળ તે **નિકૃતિ** મરણ પામી. આર્તધ્યાનના યોગે મરીને તે **નિકૃતિ** તેજ સ્થાનકે નોળણી થઇ. પછી તે સાસુ વહુ=સાપણ ને નોળણી પૂર્વોક્ત નિધાનના લોભવડે પરસ્પર લડવા લાગી. જુઓ દ્રવ્યનો મોહ! તિર્યંચાવસ્થામાં પણ કેટલો વ્યર્થ કદર્થના પમાડે છે! સાપણને કે નોળણીને નથી તે દ્રવ્ય ખાવું, નથી વાપરવું, નથી તે દ્રવ્યનો બીજી કોઇ રીતે ઉપભોગ કરવો! માત્ર મુર્છાવડે તેને પોતાનું માનીને મોહ જનક આનંદજ માની લેતા છે. તેને માટે પરસ્પર મરણાંત કષ્ટને આપનાર લડાઇ પણ પાણામાં પણ કરે છે.

જ્યારે **નિકૃતિ** સાપણના ડંશથી મરણ પામી ત્યારે અગ્નિશિખા મનમાં બહુજ આનંદ પામી. કારણ કે હવે પૂર્વોક્ત નિધાનની પોતે એકલી માલેક થઇ છે એમ મોહે તેને સમજાવ્યું. એક દિવસ નિધાન લેવાને માટે તે એકલી ગઇ. જ્યાં લેવા માટે હાથ લાંબો કરે છે ત્યાં સર્પિણીએ ડંશ માર્યો એટલે તત્કાળ તે મુછા પામીને ત્યાંજ ઢળી પડી અને આર્તધ્યાનવડે કાળ કરીને ત્યાંજ કુતરી પણે ઉપની. વચગાળા અનેક [illegible]

કરી તેને ત્યાંથી કાઢે છે પરંતુ પૂર્વ ભવના ગોહવડે ત્યાંથી આઘી જતી નથી. એવી રીતે દુઃખયુક્ત તિર્યંચાવસ્થાને તે કુતરી પણ ત્યાંજ રહી સતી ભોગવે છે.

હવે સાગરે પણ દ્રવ્યના લોભથી કુડંગને ઝેર દઇને મારી નાખ્યો. કુડંગ મૃત્યુ પામીને તેજ સ્થાનકે મહા ભયંકર કૃષ્ણ સર્પ થયો. તેણે ફરતા ફરતા પૂર્વે ગોપવેલું નિધાન દીઠું એટલે તેનો અધિષ્ઠાતા થઇ ત્યાંજ સ્થિત થયો. એક દિવસ સાગર, કુડંગની ફાંસ નિકળી જવાથી એકલો તે દ્રવ્ય લેવા આવ્યો એટલે તેને કૃષ્ણ સર્પે ડંસ્યો. તે પણ આર્તધ્યાને મરણ પામીને ત્યાંજ નકુળ પણે ઉત્પન્ન થયો. તે સર્પ અને નકુળ દાટેલા નિધાનને માટે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. પૂર્વ ભવની પ્રબળ મુર્છાવડે એકે જણ તે દ્રવ્યનો લોભ તજી શક્યા નહીં. "આ જગતમાં લોભનું દુર્જયપણું નિશ્ચિત છે."

એકદા રૂદ્રદેવ શ્રેષ્ઠિ દુકાનેથી ઘરે આવ્યા એટલે ડુંગરને પગ ઉપર પગ ચડાવીને બેઠેલો દીઠો. શ્રેષ્ઠિએ કોપવડે તેને બોલાવ્યો પણ ગર્વવડે ઉન્મત્ત થયેલા ડુંગરે જવાબ દીધો પણ નહીં. પોતાની અવજ્ઞા થવાથી તેમજ પુત્રનું અવિનિતપણું જણાવાથી કોપાયમાન થઇને રૂદ્રદેવે તેને કહ્યું કે "અરે મુર્ખ! બીજા લોકો તો બાજુ ઉપર રહ્યા પણ પોતાનું પેટ ભરવા જેટલી પણ શક્તિ ધરાવતો નથી છતાં મન કલ્પિત ગર્વનું વહન કરતા તને શરમ આવતી નથી. પણ રે મુઢ! ચિત્ત કલ્પિત ગર્વ, ઉપહાસને માટેજ થાય છે. ટીટાડી આકાશ પડી જવાનાં ભયથી ઉંચા પગ કરીને સુએ છે તેથી સજ્જનો તેની હાંસીજ કરે છે." આ પ્રમાણેના અપમાનના વચનો સાંભળીને ડુંગર અત્યંત કોપાયમાન થયો. અને પીતાની સામું જેમ તેમ બોલવા લાગ્યો. એ પ્રમાણે સામસામું બોલવાથી ક્રોધ વૃદ્ધિ પામતો ગયો અને વિવેક રહિત બાપ દીકરો વઢવા લાગ્યા. એ બંને કજીઆ કરે છે તેવામાં સાપણને નોળીયો બંને પણ પરસ્પર મારામારી કરતાં નિધાનવાળા સ્થાનકેથી બહાર નીકળી લડતા આંગણામાં આવ્યા.

એટલામાં ડુંગરની વહુ શિલા કાંઇ કાર્યને મિષે બહાર આંગણામાં આવી તે આ બંનેનો પરસ્પર થતો કજીઆ જુએ છે તેવામાં તેને પૂર્વના વૈરથી સંગમા જે કુતરી થયેલી છે તેણે કરડી. એટલે તેના હાથમાં કાંઇક હથીઆર હતું તે કુતરીની ઉપર ફેંકીને તે રોતી રોતી જમીન ઉપર પછડાણી. કુતરીએ સખત રીતે તેને કરડેલી હતી. કુતરી પણ (શિલાએ કરેલા પ્રહારથી જર્જરીત થઇને મહા કરૂણસ્વરે આરડતી ત્યાં આંગણામાંજ અ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુલડીમાં ખાતી પડી. તે વખતે આશ્ચર્ય ! આશ્ચર્ય ! કરતા લોકો આ બધું કૌતુક જોવાને માટે ત્યાં એકઠા થઇ ગયા. જોનારાઓમાં કેટલાકને ચમત્કાર થવા લાગ્યો, કેટલાક હસવા લાગ્યા, કેટલાક મધ્યસ્થભાવ ચિંતવવા લાગ્યા અને કેટલાએકને વૈરાગ્ય ઉત્પન્ન થયો.

તે વખતે **જ્ઞાનગર્ભ** નામે જ્ઞાની મુનિએ ગોચરી અર્થે ફરતા ફરતા તે શેઠના પુણ્યોદયથી તેના ઘરમાં પ્રવેશ કર્યો. શ્રેષ્ઠિ કુટુંબનો સર્વ વૃતાંત યથાર્થ રીતે જ્ઞાન વડે જાણવાથી ' હા ઇતિ ખેદે ! જુઓ કષાયનો વિપાક ! ' આમ બોલીને તરત તે મુનિ ત્યાંથી બહાર નીકળ્યા, તે વખતે **રૂદ્રદેવ** શ્રેષ્ઠિ જોકે કળહમાં વ્યગ્ર હતો તોપણ મુનિના મુખમાંથી નીકળેલા આવા વચનો સાંભળીને તરતજ કળહ પડતો મુકી મુનિની આગળ આવ્યો અને મુનિને ઉભા રહેવા વિનંતી કરીને તેમના બોલેલા વાકયનો ભાવાર્થ પુછયો. એકાંત હિતવત્સલ મુનિરાજ બોલ્યા કે—" હે સૌમ્ય ! સાંભળ—આ તારા ઘરને વિષે અત્યંત કડવા કષાય રૂપ વૃક્ષના પુષ્પ ઉગ્યા છે તે સમજુ જનોને સંસારથી ખેદ પામવાને અર્થે થાય તેવા છે અને મુર્ખ જનોને હાસ્યને અર્થે થાય છે. તારા **ડુંગર** ને **સાગર** નામના પુત્ર મૃત્યુ પામ્યા છે તે આ સર્પ ને નોળીઓ છે. આ સાપણ તારી સ્ત્રી છે અને નોળણ તારી વહુ **નિકૃતિ** છે તથા આ કુતરી તે તારી વહુ **સંચયા** છે. આ પ્રમાણે કષાય વડે ભરેલું તારૂં કુટુંબ નાટકીઆના વેડાની જેમ અન્ય અન્ય વેષને ધરનારૂં થયું છે. "

સર્પાદિક પાંચે જીવની સમક્ષ મુનિએ તેનો પુર્વ ભવ કહેવાથી તેઓ જાતિ સ્મરણ પામ્યા અને પોતે પૂર્વે કરેલા કષાયોના ફળને પ્રત્યક્ષ જોઇને તે પાંચે જીવ બોધ પામ્યા. ગુરૂ મહારાજની સન્મુખ તેજ વખતે તે પાંચે જીવોએ પરસ્પરનું વૈર શમાવી દઇને અનશન અંગીકાર કર્યું અને પશ્ચાત્તાપાદિ વડે ઘણા કર્મોને ખપાવીને તે પાંચે જીવ ત્યાંથી દેવલોકે ગયા.

તે વખતે આ પ્રમાણેની ભવસ્થિતિ જોઇને **રૂદ્રદેવ** ને **ડુંગર** બંને પિતા પુત્ર પ્રતિબોધ પામ્યા. તેઓ વિચારવા લાગ્યા કે—અહો ! જુઓ આ કષાયના ફળ ! અમે પણ જો કષાયાવસ્થામાં કાળ કર્યો હોતતો આ પાંચેની જેમ તિર્યંચપણાને પામત. માટે તે કષાયને તેમજ મહાદુઃખના ભરેલા આ સંસારને તજી દેવો એજ યોગ્ય છે. આ પ્રમાણે વિચાર કરીને

For Private And Personal Use Only

તેજ વખતે સર્વે કંચુકવત્ સંસારનો ત્યાગ કરીને **જ્ઞાનગર્ભ** મુનિરાજની પાસે તેઓએ ચારિત્ર અંગીકાર કર્યું.

દિક્ષા અંગીકાર કર્યા છતાં પણ કષાય પ્રબળ રહેલા હોવાથી તેઓ સર્વથા શાંતિને પામ્યા નહીં. **રૂદ્રદેવ** મુનિ શ્રમણ ધર્મ સંબંધી આવશ્યક ક્રિયામાં આળસ કરતા હોવાથી પ્રવર્ત્તક જ્યારે તેને પ્રેરણા કરે ત્યારે પૂર્વના અભ્યાસથી તેમની ઉપર કોપ કરવા લાગ્યા. તેજ પ્રમાણે ડુંગર મુનિ દુઃખે તપી શકાય એવા મહાન્ તપને તપતા સતા પણ પૂર્વના માની સ્વભાવવડે રત્નાધિકને પણ નમસ્કાર કરતા સંકોચાવા લાગ્યા. શાસ્ત્રમાં કહેલી યુક્તિઓવડે પ્રવર્ત્તક તે બંનેને અનેક પ્રકારે શિક્ષા આપવા લાગ્યા. પરંતુ તેમના કહેવાના સારને ગ્રહણ ન કરતાં તેમની સાથે ઊલટા તે બંને મુનિ ક્લેશ કરવા લાગ્યા આ પ્રમાણે અનેકવાર થવાથી સર્વ મુનિઓ તે બંને મુનિથી ઉદ્વિગ્ન થઇ ગયા એટલે તેઓએ પ્રવર્ત્તકને પ્રેરણા કરી, જેથી તે બંને મુનિઓને પ્રવર્ત્તકે ગચ્છ બહાર કર્યા.

એ ગચ્છમાંથી નીકળ્યા પછી તે બંને મુનિઓ બીજા ગચ્છમાં જઇને રહ્યા. પરંતુ સ્વભાવના દોષને લીધે, કોઢ પડેલા અશ્વને જેમ તેના સમુહમાંથી જુદો રાખવામાં આવે તેમ તે બંને મુનિને તે. ગચ્છમાંથી પણ દૂર કરવામાં આવ્યા. અનુક્રમે સર્વે ગચ્છોમાં પરિભ્રમણ કર્યું પરંતુ ક્રોધ માનની પ્રબળતાથી કોઇ ગચ્છમાં ટકી શકયા નહીં. એ પ્રમાણે જ્યારે સર્વ ગચ્છમાંથી ભ્રષ્ટ થયા ત્યારે ગચ્છવાસને તજી દઇને તે બંને મુનિ સ્વચ્છાચારી શિથિલવિહારી થઇ ગયા. પ્રમાદને વશ પડી જવાથી અભ્યસિત સર્વે સુત્રાર્થ અસમ્યક્ ભાવને પામી ગયા. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનું આરાધન પણ શિથિલ ભાવને પામ્યું. એ પ્રમાણે સાધુ સંબંધી સર્વ ધર્મ કર્મમાં પ્રમત્ત થઇ ગયેલા તે બે મુનિને **અગ્નિશિખાનો** જીવ જે દેવપણાને પામેલો છે તેણે અવધિજ્ઞાનવડે જોયા. પૂર્વ ભવના રાગથી **અગ્નિશિખાનું** રૂપ કરીને તે બંનેને પ્રતિબોધ કરવા માટે જ્યાં તેઓ **રાત્રીવાસ** રહેલા છે ત્યાં આવીને આમ તેમ ફરવા લાગી. સાક્ષાત્ **અગ્નિશિખાને** જોઇને **રૂદ્રદેવ** મુનિ વિસ્મિત થયા- એટલે તેણે પુછ્યું કે—"હે ભદ્રે! **અગ્નિશિખા** તો મૃત્યુ પામી હતી તે શું હમણા પાછી જીવતી થઇ છું? દેવતાને ઉપાસવાના મંત્રોવડે અથવા અનેક પ્રકારના રસાયનના સેવનવડે **પણ** મૃત્યુ પામેલ પ્રાણી જીવી શકતું નથી એવું સર્વનું વચન છે તે શું મિથ્યાભાવને પામ્યું છે?"

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ બોલ્યો "હે મુનિ! અગ્નિશિખા મરણ પામીને સાધ્વી થઇ હતી, તે ભવમાં મુનિએ કહેલા ઉપદેશથી જાતિ સ્મરણ પામી અનશન કર્યું હતું. તે શુભ ભાવે દેવપણામાં ઉત્પન્ન થઇને હમણા અગ્નિશિખાનું રૂપ વિકુર્વીને હું આવેલ છું." રૂદ્રદેવ મુનિ બોલ્યા-" હે મુગ્ધ! તું તો હમણા અવિરતિ છું તો અમને સર્વવિરતિને કેમ વંદના કરતો નથી ?" દેવ બોલ્યો-"તમે સર્વવિરતિ ક્યાં છો? કેમકે કપાયોના મહા માઠા વિપાકો જાણ્યા છતાં પણ હજુ તમે દુષ્કર્મના દોષવડે કપાય કલુષિત ચિત્તવાળા છો. અને તેથી જે ગચ્છ ધર્મ કર્મમાં નિરંતર સહાયકારી એવા અનેક મુનિઓથી શોભાએલો છે, ઐહિકને આમુષ્મિક અનેક સુખશ્રેણી ઉત્પન્ન કરવામાં કારણભૂત છે, મૂળ ગુણને ઉત્તર ગુણના સમુહથી અધિષ્ઠિત છે અને ગુણનો ભંડાર છે, તેવા ગચ્છને તજી દઇને સાધુપણામાં નિંદિત અને દુર્ગતિનું કારણ ભૂત શિથિલ વિહારીપણું અંગીકાર કર્યું છે. માટે તમારામાં સર્વ વિરતિપણાનો સંભવ નથી તેથીજ મેં તમને વંદના કરી નથી"

આ પ્રમાણે શબ્દમાં કટુ પરંતુ પરિણામે હિતકારક વચનો કહીને તે દેવતા વિદ્યુતના ઝબકારાની જેમ તત્કાળ અદ્રશ્ય થઇ ગયો, તેના વાક્યથી સંવેગને પામેલા તે બંને મુનિઓ શ્રુતસાગર સુરિની પાસે ફરીને વ્રતગ્રહણ કરવા સારૂ ગયા. ફરીને વ્રત આપવાની વિનંતિ કરતાં સુરી બોલ્યા કે- "તમો બંનેમાં ક્રોધ માનનું અધિકપણું હોવાથી તમારે ચારિત્ર પાળવું દુષ્કર છે." સંવેગ રંગમાં રંગાયેલ રૂદ્રદેવ મુનિએ તેજ વખતે આચાર્યની સમક્ષ અભિગ્રહ કર્યો કે—"કોઇ પણ પ્રકારનું કારણ ઉત્પન્ન થયા છતાં પણ મારે લગાર માત્ર ક્રોધ યાવજ્જીવિત પર્યંત કરવો નહીં." કુમાર મુનિએ પણ અભિગ્રહ લીધો કે 'યાવજ્જીવિત ગુરૂ, જ્ઞાન, બાળ, વૃદ્ધ અને તપસ્વી મુનિનો માન તજી દઇને સર્વથા પ્રકારે મારે વિનય કરવો.'

ગુરૂ મહારાજે તે બંનેનો અત્યંગ વૈરાગ્ય જાણીને તેમને આલોયણાદિ પ્રાયશ્ચિત કરાવી પૂર્વવત્ ગચ્છમાં પ્રવેશ કરાવ્યો. દિવસેદિવસ ઉત્કૃષ્ટ ગુણ સ્થાનકે આરોહણ કરતા તે બંને મુનિઓ કાળાદિક આઠ અતિચારને તજી સર્વથા અપ્રમત્તપણે સમ્યક્ પ્રકારે સ્વાધ્યાય ધ્યાન કરવા લાગ્યા. સમ્યક્ત્વ, મિશ્રને મિથ્યાત્વરૂપ ત્રણે કર્મ પુંજનો ક્ષય કરીને આઠ પ્રકારના દર્શનાચારને સમ્યક્ રીતે આચરવા લાગ્યા. જીવની સાથે અનાદિકાળથી આદિ(?) ... થયેલા ચારિત્રાવરણી કર્મનો ક્ષય થવાથી તે શુભાશયવાળા બંને મુનિરાજ નિ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતિચાર ચારિત્રને પાળવા લાગ્યા. આ બન્ને કે પરભવના કોઇ પણ પ્રકારના સુખની આશંસાને સર્વથા પ્રકારે તજી દઇને છઠ્ઠ અઠ્ઠમાદિ મહાદુષ્કર તપને તપવા લાગ્યા. શ્રી જિનેશ્વરે કથન કરેલા એવા મુક્તિનું સાધન કરવાના હેતુ ભૂત યોગને વિષે મન વચન કાયાના વિર્યને સમસ્ત પ્રકારે યથાવિધિ તેઓ પ્રયોજવા લાગ્યા અને પોતે ગ્રહણ કરેલા અભિગ્રહને ચઢતે પરિણામે સમ્યક્ રીતે પાળતા સતા તે બન્ને મુનિઓએ શુભ ધ્યાનરૂપ અગ્નિવડે સમસ્ત કર્મરૂપ ઈંધનને બાળી નાખ્યા. જીવ વિર્યને અતિશય સામાર્થ્યવડે ફોરવવાથી તેમજ કર્મ પરિણામના વિચિત્રતાથી મુક્તિ માર્ગમાં અહર્નિશ ઉદ્યમવંત તે બન્ને મુનિરાજ કેટલેક દિવસે સમસ્ત ઘાતિ કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા.

પૂર્વે કષાયને અત્યંત વશ થયેલાં છતાં પણ આમ સ્વલ્પ કાળમાં કેવળ જ્ઞાનને પામ્યા તેમાં જીવના સામર્થ્યની અદ્ભૂતતા સમજવી તેમજ કર્મ પરિણામની વિચિત્રતા જાણવી. મહા આકરા કર્મવડે કદી માર્ગથી ભ્રષ્ટ થઇ જાય તો પણ પાછો ગુરૂનો વિનય પ્રાપ્ત થાય તો ગુરૂ મહારાજની કૃપાથી ભવ્ય પ્રાણી પાછો સન્માર્ગે સ્વલ્પ કાળમાં ચઢી શકે છે. મોક્ષરૂપ જે સાધ્ય છે તે સત્વાધિક પ્રાણીથીજ સાધી શકાય છે, નિઃસત્વ પ્રાણીને તે સાધવું મહા દુષ્કર છે. એમાં પણ સર્વ કાર્યને સાધી આપનાર તપની વિશેષ મુખ્યતા છે. નિર્મળ એવા તપથી દુર્લભ હોય તે સુલભ થાય છે, વક્ર સરલ થાય છે, અસ્થિર સ્થિર થાય છે અને દુઃસાધ્ય હોય છે તે સુસાધ્ય થઇ જાય છે. અનંત ભવમાં આચરેલા મહા ગુરૂ પાપોને પણ તપ ક્ષણ માત્રમાં ભસ્મીભૂત કરી નાખે છે. કહ્યું છે કે—

दीप्यमाने तपो वन्हौ, बाह्ये चाभ्यंतरेपि च ॥
सन्निर्जरन्ति कर्माणि, दुर्जराण्यपि तत्क्षणात् ॥ १ ॥

" બાહ્ય અને અભ્યંતર તપ રૂપી અગ્નિ દેદિપ્યમાન થયે સતે દુર્જર એવા કર્મો પણ તત્કાળ નિર્જરી જાય છે. "

પૂર્વ કર્મની પ્રેરણાવડે પ્રાણી મહા પાપો કરે તોપણ પાછળથી બોધ પામે ત્યારે જો સમ્યક્ પ્રકારની આલોચના પૂર્વક નિરાશી ભાવે તપ કરે તો તે શુદ્ધ થઇ શકે છે. તપ, સ્વભાવેજ સર્વ પ્રકારના પાપનો વિધ્વંસ કરનાર છે તો તે જ્યારે સમ્યક્ આલોચના પૂર્વક થાય ત્યારેતો પછી કિં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હને વળી પાખરેલો હોય, તેના પરાક્રમની જેમ સમગ્ર પાપ કર્મનો ક્ષય કરવાને સમર્થ થાય છે. મહા આકરા પાપ કર્મોનો ક્ષય કરવાને માટે તપશ્ચાર્જ પ્રધાન છે. **રૂદ્રદેવ** ને **ડુંગર** મુનિરાજે પણ સમ્યક્ આલોચના પૂર્વક ક્રોધ-માનનો સર્વથા નિરાસ કરીને પાંચ પ્રકારના આચાર-નું ઉત્કૃષ્ટ પણે પરિપાલન કર્યું-તેમાં પણ જિનેશ્વર કથિત દુષ્કર નામે તપ-વાવડે અનેક પ્રકારના પૂર્વ સંચિત પાપ કર્મોને ખપાવ્યા જેથી સમગ્ર ઘાતિ કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન--કેવળદર્શન પામ્યા.

બંને કેવળી મુનિરાજ ચિરકાળ પર્યંત પૃથ્વીપર વિહાર કરી, ધર્મો-પદેશવડે અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી યાવત્ પરમ પદને પ્રાપ્ત થયા.

આ પ્રમાણે એકેક કષાયને વશ થયેલ પ્રાણીએ પામેલા દુર્વિપાકને જાણીને સુજ્ઞ જનોએ કષાયોથી બહુજ ડરતા રહેવું-કારણ કે જો એક ક-ષાય વાળાની એવી સ્થિતિ થઇ તો ચારે કષાયને વશ થયેલા આ સંસારી પ્રાણીની સ્થિતિનું શું વર્ણન કરવું ? આ દૃષ્ટાંતજ કષાયના સ્વરૂપને પ્રગટ કરવા માટે બસ છે જેથી વધારે લખવાની આવશ્યકતા નથી.

# પ્રશ્નોત્તર.

એક ગૃહસ્થ તરફથી પુછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો વિદ્વાન મુનિ-રાજને પુછીને લખવામાં આવ્યા છે. તે શ્રાવક વર્ગને સમજવા લાયક હો-વાથી આ નીચે પ્રગટ કર્યા છે.

૧ પ્રશ્ન—આ પંચમ કાળમાં ૨૦૦૪ યુગ પ્રધાન થશે તે બધા એકાવતારી છે કે નહીં? જો છે તો તેમાં **આત્મારામજી મહારાજને** ગણી શકાય કે નહીં?

ઉત્તર—યુગ પ્રધાન બધા એકાવતારી છે. **આત્મારામજી મહારા-**જને માટે યુગપ્રધાનના જ્ઞાન લક્ષણાદિ શાસ્ત્રમાં કહ્યાં છે તે જોઇને નિ-ર્ણય કરો.

૨ પ્રશ્ન—સામાયક ઉચ્ચરતાં करेमिभंते માં શ્રાવકને "દુવિહં તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિહેણં" શા માટે? કેમકે સામાયકમાં તો શ્રાવક, સાધુ સમાન છે તો તેને અનુમોદના શામાટે છુટી રહેવી જોઇએ?

ઉત્તર—શ્રાવકને સામાયક કર્યા અગાઉ જોડી મુકેલા કાર્યની તેમજ સામાયક કર્યા પછી તરતજ અન્ય કાર્યમાં પ્રવેશ કરવાની ઇચ્છા છે એટલે જે જે કાર્ય તજ્યા છે તે તે કાર્ય સામાયક પૂરૂં થયા પછી ફરી કરવાની વૃત્તિ વર્તે છે તેથી તે અનુમોદના સામાયકમાં પણ છે. માટે શ્રાવકને કરેમિભંતે માં "દુવિહં તિવિહેણં"થી પચ્ચખાણ કર્યું છે. સામાયકને પોસહમાં શ્રાવક, સાધુવત્ કહેવાય છે પણ તેમાં પ્રકાર ભેદ ઘણા રહેલાછે.

૩ પ્રશ્ન—સુક્ષ્મ નિગોદને બાદર નિગોદ કેને કહેવી? તથા વ્યવહાર રાશી અને અવ્યવહાર રાશી કેને કહેવી?

ઉત્તર—સુક્ષ્મ વનસ્પતિકાય તે સુક્ષ્મનિગોદ અને સાધારણ વનસ્પતિ કાય તે બાદર નિગોદ એ બંનેમાંથી કોઇ વખત નહી નીકળેલા જીવોની રાશી તે અવ્યવહાર રાશી અને પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયને વાઉકાય એ ચારે સુક્ષ્મને બાદર, પ્રત્યેક વનસ્પતિકાય, વિકળેંદ્રી અને પંચેંદ્રી તે વ્યવહાર રાશી. અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં એકવાર પણ આવીને પાછો અવ્યવહાર રાશીમાં જાય તો તે જીવ ત્યાં રહ્યો સતો પણ વ્યવહાર રાશીઓ કહેવાય એવી અનંત જીવોની રાશી સુક્ષ્મને સાધારણ વનસ્પતિકાયમાં છે.

૪ પ્રશ્ન—પંદર પ્રકારના સિદ્ધમાં અન્ય લિંગ સિદ્ધ, સ્વલિંગ સિદ્ધ, સ્વયંબુદ્ધ સિદ્ધ, પ્રત્યેકબુદ્ધ સિદ્ધ તથા બુદ્ધબોધિ સિદ્ધ કોને કહીએ?

ઉત્તર—અન્ય ધર્મીના વેશમાં રહ્યા સતા કેવળજ્ઞાન પામી મોક્ષે જાય તે **અન્યલિંગ સિદ્ધ**, જૈનમુનિના વેશમાં કેવળજ્ઞાન પામી સિદ્ધિ પદને પામે તે **સ્વલિંગ સિદ્ધ** પોતાની મેળે—કારણ દેખ્યા વિના જાતિ સ્મરણાદિ જ્ઞાન થવાવડે બોધ પામીને ગુરૂ સમિપે અથવા સ્વયમેવ ચારિત્ર અંગીકાર કરી સિદ્ધિ પદને પામે તે **સ્વયંબુદ્ધ સિદ્ધ**, સહજ કારણ પામી જાતિ સ્મરણ જ્ઞાન ઉપજવાથી સ્વયમેવ ચારિત્ર અંગીકાર કરી સિદ્ધિ પદને પામે તે **પ્રત્યેક બુદ્ધ સિદ્ધ** અને ગુરૂના ઉપદેશ વિગેરે કારણોથી બોધ પામીને ચારિત્ર અંગીકાર કરી સિદ્ધિ પદને પામે તે **બુદ્ધ બોધિ સિદ્ધ** જાણવા.

૫ પ્રશ્ન—જે જીવ મિથ્યાત્વી પણામાંથી સિદ્ધિપદ પામતા હશે તેનું કોઇપણ કારણથી મિથ્યાત્વ ચાલ્યું જતું હશે અને સમ્યકત્વની પ્રાપ્તિ થઇને કર્મ ક્ષય થતો હશે કે શી રીતે?

ઉત્તર—સમકિતની પ્રાપ્તિ વિના તો સિદ્ધિપદને પામેજ નહી. મિથ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્વનો ક્ષય થયા વિના તો એવું ગુણઠાણું ન પામે ત્યારે ચૌદમું કેમ પામે? માટે 'મિથ્યાત્વીપણામાં' એનો અર્થ એ સમજવો કે મિથ્યાત્વીના-અન્ય દર્શનીના મતમાં વર્તતા સતા સમભાવ પામીને જૈનરૂપ થાય અને તેજ વેશમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જાય. તે મિથ્યાત્વીપણામાં સિદ્ધ થયેલ અર્થાત્ **અન્ય લિંગ સિદ્ધ** કહેવાય.

૬ પ્રશ્ન—વેદની કર્મની સ્થિતિ ત્રીશ કોડા કોડી સાગરોપમની છે તે શી રીતે? શું એવું આકરું કર્મ બંધાયું હશે કે તેટલા બધા કાળ સુધી અસાતા વેદની ભોગવવી પડે? વચ્ચે વચ્ચે સાતા ભોગવતા હશે કે નહીં?

ઉત્તર—એકવાર બાંધેલું ઉત્કૃષ્ટ સ્થિતિવાળું વેદની કર્મ ત્રીશ કોડા કોડી સાગરોપમ સુધી સત્તામાં રહે એમ સમજવું. ઉદયમાં અવિચ્છિન્ન તેટલી સ્થિતિ સમજવી નહીં. દરેક કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ જે કહેલી છે તે સત્તા આશ્રી જાણવી. ઉદય આશ્રી જાણવી નહીં.

૭ પ્રશ્ન—એમ સાંભળ્યું છે કે-જીવ માત્રની મૂળ ઉત્પત્તિ સુક્ષ્મ નિગોદમાં છે. જો એમજ હોય તો પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વિગેરે આ જગત અનાદિ હોવાથી અનાદિ હોવા જોઈએ, તેઓ સુક્ષ્મ નિગોદમાંથી નીકળ્યા વિના ક્યાંથી આવ્યા?

ઉત્તર—આ જગત અનાદિ હોવાની સાથે સર્વ પ્રકારના એકેંદ્રીથી પંચેંદ્રી પર્યંત જીવોના સ્થાનક પણ અનાદિ છે. કોઈ વખત એવો નહોતો કે જે વખત બધા જીવો સુક્ષ્મ નિગોદમાંજ હતા, બીજા પ્રકારના નહોતા.

૮ પ્રશ્ન—ચોસઠ ઇંદ્રો હાલ છે અને કાયમ ઉત્પન્ન થાય છે તે બધા સમકિતી જીવજ ઊપજે છે કે મિથ્યાત્વી પણ ત્યાં ઊપજી શકે છે?

ઉત્તર—પાંચમા દેવલોકના ઇંદ્ર સુધીના ઇંદ્રપણે સમકિતી મિથ્યાત્વી બંને ઊપજી શકે. પરંતુ ઉત્પન્ન થયા પછી મિથ્યાત્વી હોય તે જરૂર આગવા ભાવ સમકિત પામે ખરા.

૯ પ્રશ્ન—ત્રેશઠ શલાકા પુરૂષોને બધાને ક્ષાયક સમકિત ખરૂં કે નહીં?

ઉત્તર—શલાકા પુરૂષો ક્ષાયક અથવા અન્ય સમકિત પામ્યા હોય ખરા પણ વર્તમાન ભવમાં સમકિત હોય અથવા ન હોય નિયમ નહીં.

૧૦ પ્રશ્ન-શાસ્ત્રમાં કહે છે કે--જીવો કોઇ યોનીમાં જન્મ પાછો રાખ્યું નથી તે વ્યવહાર રાશીમાં આવ્યા પછી કે શી રીતે?

ઉત્તર--વ્યવહાર રાશીમાં આવ્યા અગાઉ તો માત્ર સુક્ષ્મ કે સાધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનસ્પતિકાય પણામાંજ હોય માટે વ્યવહાર રાશીમાં આવ્યા પછીને માટે તે કથન સમજવું અને તે પણ બાહુલતા વાચક જાણવું.

---

# बालजीव शिक्षाशतक.

અનુસંધાન પૃષ્ઠ. ૬૧ થી.

શિષ્યે પુછેલા પ્રશ્નોના ઉત્તરમાં દેશ વિરતિ અથવા સર્વ વિરતિપણા રૂપ ધર્મને અંગીકાર કરવાનું બતાવ્યું છે તેનું કારણ શું છે? તે શિષ્યને સમજાવે છે.–

**તન ધન રમણી તરૂણ પણો. સુખ શોભા શૃંગાર;**
**ગિરિ નદી પૂર જયું છિનક છે, અનિત્ય સબ સંસાર. ૮૩.**

હે પ્રાણી! આ સંસારમાં શરીર, દ્રવ્ય, સ્ત્રી, યૌવનાવસ્થા, સાંસારિક વિષય સુખ, પુદ્ગલીક શોભા અને વસ્ત્રાભૂષણાદિ વડે કરેલો શૃંગાર એ સઘળું પર્વતમાંથી નીકળતી નદીના પુરની જેમ ક્ષણીક છે. અર્થાત્ જેમ પર્વતનું નદીના પ્રવાહનું જળ પાછું પડતું નથી, ચાલ્યું જાય છે તેમ આ સંસારમાં પણ પૂર્વોક્ત સર્વ-શરિરાદિક અનિત્ય છે. માટે તેનો વિશ્વાસ ન કરતાં સત્વર ધર્મારાધનમાં તત્પર થઇ જવું. ૮૩

આમાં **અનિત્યભાવનાનું** સ્વરૂપ કહ્યું. હવે **અશરણભાવનાનું** સ્વરૂપ સમજાવે છે—

**પરભવ જાતાં જીવને, શરણ નહીં એ કોય;**
**સાર સંગાતી ધર્મ છે, કિમ ન ભજીયે સોય. ૮૪.**

હે પ્રાણી! આ ભવ સંબંધી આયુષ્યને પૂર્ણ કરીને પરભવમાં જતાં આ જીવને પૂર્વોક્ત તન, ધન, સ્ત્રી, યૌવનાદિ કાંઇ પણ શરણભૂત થાય તેમ નથી. ખરો સારભુત સંગાતી એટલે સાથે આવે અને કાર્ય કર્તા થાય એવો મદદગાર તો એક ધર્મજ છે તો તેને શા માટે ન ભજીયે? અર્થાત્ જરૂર ભજીએ. ૮૪.

આ દુહામાં **અશરણભાવનાનું** સ્વરૂપ કહ્યું. હવે આ જીવની **એકત્વતા** પ્રગટ કરી બતાવે છે.—

**આતાં જાતાં જીવને, સંગ ન દીસે કોય;**
**તિણ એ પ્રાણી એકલો, સુખ દુઃખ પામે જોય. ૮૫.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જીવને આ ભવમાં આવતાં ( જન્મ લેતાં ) ને આયુષ પૂર્ણ કરીને પરભવમાં જતાં સાથે આવેલું કે આવવાનું કોઇ પણ ગુણું નથી. અર્થાત્ આ પ્રાણી એકલોજ આવ્યો છે અને એકલોજ જવ છે. તેમજ પોતાના કર્માનુસાર સુખ દુઃખ પણ એકલોજ ભોગવે છે. માટે અન્યનો પ્રતિબંધ કરીને તું સંસારમાં ખુંચ્યા કરે છે—કર્મ બંધ કર્યા કરે છે તે તારી મુર્ખતા છે અને પરિણામે તનેજ ભારે પડનાર છે માટે વિચાર કર. ૮૫

આ દુહામાં **એકત્વભાવના** બતાવી, હવે **અન્યત્વભાવનાનું** સ્વરૂપ બતાવે છે—

**તું અન્ય અવર સબિ અન્ય હૈ, કહા સગાઇ બંધ;**
**એ હૈ સો તું નહીં કછુ, તારોં ધર્મ સંબંધ. ૮૬.**

હે પ્રાણી ! આ સંસારના સર્વ સંબંધી વર્ગથી તું જુદો છું અને એ સ્વજન, શરીર, દ્રવ્યાદિક સર્વ અન્ય ( જુદા ) છે. તો તારે તેની સાથે સગાઇનો પ્રતિબંધ શું છે ? તેનો તું વિચાર કર. જે એ છે તેનો તું ક્યારે પણ નથી કેમકે દ્રવ્ય અને શરીરાદિ સર્વ પૌદગળીક-જડ છે અને તું તો ત્રીકાળ એક રૂપમાં રહેનારો ચૈતન્ય છું. તેથી તું એ પદાર્થોને મારા કરીને માને છે પણ તે તારા થઇ શકે નહીં અને તું તેનો થઇ શકે નહીં તું અન્યછું અને તે અન્ય છે. માટે તેનો પ્રતિબંધ તજી દઇને ધર્મની સાથે સંબંધ જોડ. તને આભવ પરભવ એજ હિત કારક છે. પુદ્‌ગળમાં મારા પણું માનવાથી તો તું અનાદિ કાળથી ભવ ભ્રમણ કર્યા કરે છે. ૮૬.

આ દુહામાં **અન્યત્વભાવનાનું** સ્વરૂપ બતાવ્યું છે. હવે **સંસાર ભાવનાનું** સ્વરૂપ કહે છે.

**માતા મર પુત્રી હુવે, પુત્રી મર સ્ત્રી હોય;**
**પિતા પુત્ર પુત્રહો પિતા, વ્યપરિત પણો ભવ જોય, ૮૭**

હે પ્રાણી ! આ સંસારમાં માતા મરીને પુત્રી થાય છે, પુત્રી મરણ પામીને સ્ત્રી થાય છે, પિતા મરણ પામીને પુત્ર થાય છે, પુત્ર મરણ પામીને પીતા થાય છે. આ પ્રમાણે વીપરિતપણું થવાજ કરે છે. જેથી તું જ્ઞાન દષ્ટિવડે તે જો એટલે તને તેમાં રક્તતા ન થાય. ૮૭-

આ પ્રમાણે **સંસાર ભાવનાનું** રૂપ બતાવીને હવે **અશુચિભાવનાનું** સ્વરૂપ કહે છે.

**રૂધિરામિશ પરૂ મુત્રમળ, પુર્યો અશુચિ શરીર;**
**ચિદાનંદ તું પરમશુચિ, કિમ ધરે સંગત ધીર. ૮૮.**

For Private And Personal Use Only

હે પ્રાણી ! આ શરીર, રૂધિર, માંસ, પરૂ, મૂત્ર અને વિષ્ટાવડે પૂરેલું હોવાથી નિરંતર અપવિત્ર છે અને હે ચિદાનંદ!(જ્ઞાનમાં આનંદ મેળવનાર !) તું તો પરમપવિત્ર છું તો હે ધીર ! તને એ અપવિત્રની સંગત કરવી કેમ ઘટે ! અર્થાત્ નજ ઘટે. ૮૮.

આ પ્રમાણે અશુચિ ભાવનાનું સ્વરૂપ બતાવીને હવે આ દેહનો સંગે પ્રાણી જે જે વિપત્તિ પામ્યો છે ને પામે છે તે સ્પષ્ટ કરે છે.

**તનુ સંગે દુઃખ પામ્યો યતું, આગે કાળ અનાદ;**
**અનંત કહેન આવે નહીં, નરગ નિગોદ ઉન્માદ. ૮૯,**

વળી એના અશુચિ શરીરના સંગવડે કરીને તું આગળ અનાદિ કાળથી દુઃખ પામતો આવ્યો છું તે દુઃખ અનંતા હોવાથી કહેતા પાર આવે તેમ નથી. હે ચેતન ! એટલા બધા નર્ક નિગોદના મહા ઉન્માદ-મહા દુઃખને અનુભવ્યા છતાં હજુ તું કેમ ચેતતો નથી ! માટે હવે તો ચેત. ૮૯.

**રોગ શોગ ક્ષુધ તિસભર, વિયોગ શિત અરૂધામ;**
**તનુ સંગે એ દુઃખ હુવે, તિણુ સકળ દુઃખકો ધામ. ૯૦**

વળી આ સંસારમાં, વ્યાધિ, શોક, ક્ષુધા, તૃષા, સજ્જન વિયોગ, ટાઢ અને તડકા વિગેરેના જે જે દુઃખ ઉત્પન્ન થાય છે તે સર્વ આ શરીરના સંગવડેજ થાય છે. તેથી આ શરીરજ સર્વ દુઃખનું ધામ (સ્થાપન) છે એમ જાણી તેના ઉપરનો મોહ તજી દે.

**એસે ભાવન ભાવતે, વર્તે ધર્મ અભ્યાસ;**
**આળસ અકારજ સવી તજી, પામે સ્વર્ગ નિવાસ. ૯૧.**

આ પ્રમાણેની ભાવના ભાવવાથી ધર્મના અભ્યાસમાં વર્તતો જીવ આળસ (પ્રમાદ) અને સર્વ અકાર્યો તજી દઈને સ્વર્ગમાં નિવાસ પામે. અર્થાત્ આવી ઉજ્વળ ભાવના ભાવવાથી સંસારમાં ઉદાસી ભાવ પ્રગટે એટલે સંસાર દશા મોળી પડે કે ધર્મનો અભ્યાસી જીવ વિષય કષાયાદિ પ્રમાદ અથવા ધર્મ કાર્યમાં થતું આળસ તજી દેય તેમજ પ્રાણાતિપાતાદિ અકાર્યો પણ તે પ્રાણી ન સેવે જેથી સત્કાર્યવડે પુણ્ય બંધ કરીને દેવ પણાની સંપત્તિ મેળવે. આ ધર્મારાધનનું પ્રથમ ફળ સમજવું. કારણ કે પ્રાંતે તો ધર્મારાધનવડે મોક્ષ ફળ પ્રાપ્ત થાય તે આગળ કહે છે. ૯૧.

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मैत्रीभावना.

" मैत्री परस्मिन् हितधीः समग्रे."

" અધ્યાત્મ કલ્પદ્રુમ "

मा कार्षीत् कोपि पापानि मा चाभूत्कोपि दुःखितः ॥
मुच्यतां जगदप्येषां, मतिर्मैत्री निगद्यते ॥ १ ॥

" યોગશાસ્ત્ર "

सर्वत्रमैत्रीमुपकल्पयात्मन्
चिंत्यो जगत्यत्र न कोपिशत्रुः
कियद्दिन स्थायिनि जीवितेऽस्मिन्
किं खिद्यते वैरिधिया परस्मिन् ॥ १ ॥

" શાંતસુધારસ "

સત્ય ધર્મ ધ્યાનની ધારાની હેતુભૂત એવી મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, અને માધ્યસ્થ્ય રૂપ ચાર ભાવનાઓ શ્રી તીર્થંકર દેવે કહી છે. સંસારનું અનિત્યાદિ સ્વરૂપ બતાવવા માટે અને સંસારમાંથી ઉદ્વિગ્ન થવા માટે શ્રી સર્વજ્ઞે બાર ભાવનાઓ કહ્યા પછી સર્વ સંસારી જીવો પ્રત્યે શું ભાવ ધારણ કરવો તે સમજાવવા માટે અને ધર્મ ધ્યાનની વૃદ્ધિને માટે મૈત્ર્યાદિ ચાર ભાવના બતાવેલી છે. આ ચાર ભાવના વડે ભાવીત ચિત્તવાળા જીવો બહુજ શિથિલ કર્મ બંધ કરે છે અથવા નથી પણ કરતા. આધુનિક સમયમાં આ ચાર ભાવનાઓ નામથી તેમજ આચારણથી જાણે અસ્ત પામી ગઈ હોય એવું સર્વ સ્થાને જોતાં દ્રષ્ટિએ પડે છે. કારણ કે આ ચાર ભાવનામાં પ્રથમ **મૈત્રીભાવના** છે જેની ટુંકી વ્યાખ્યા **શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ** ગ્રંથમાં " સર્વ પ્રાણી પ્રત્યે હિત કરવાની બુદ્ધિ તે મૈત્રીભાવના " એવી કરેલી છે. આ ભાવના જો સુજ્ઞ બાદ નહિ તો સર્વ નહિ પ્રમાણમાં ગલીત કરેલો સ્થાને સ્થાને પરસ્પર વિરોધ, આગ્રહ, દ્વેષ, ખેંચતાણ, ક્લેશ અને જુદા મતો પણ દ્રષ્ટિએ પડે છે તે પડે નહીં પરંતુ હાલમાં તો આ ભાવનાનું સ્વરૂપ શુષ્ક થઈ ગયેલું દેખાય છે.

**શ્રી માન્ કળીકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય શ્રી યોગશાસ્ત્રમાં** કહે છે કે—' કોઈ પણ પ્રાણી પાપ ન કરો, કોઈ પણ દુઃખિત ન થાઓ

For Private And Personal Use Only

અને આ જગત બધું કર્મથી મુકાઓ, આવી જે મતિ-બુદ્ધિ-વિચારણા-ભાવના તે મૈત્રીભાવના કહીએ. જુઓ આ વિચારો કેવા સુંદર છે? આવા વિચારવાન પ્રાણી કયાં નજરે પડે છે જેનો પોતાનો એવો ભાવ વર્ત્તે છે કે "કોઈ પ્રાણી પાપ ન કરે તો ઠીક" તે પોતે તો પાપ કરેજ કેમ? તેમ પોતાના કારણથી—પોતાના કાર્યથી-વર્તનથી—બોલવાથી કોઈ પ્રાણીને કષાય ઉપજે, આર્તધ્યાન ધ્યાવું પડે, કર્મ બંધ થાય એવું તે સુજ્ઞ જીવ કરે કેમ? વળી આગળ ચાલોને જુઓ મૈત્રીભાવના ભાવનારનો શુભ વિચાર "કોઇ પણ પ્રાણી દુઃખી ન થાઓ." આવા વિચારવાળો સુજ્ઞ જીવ બીજાને દુઃખ કેમ આપે, કોઇ પણ પ્રકારે બીજાને કિંચિત્ પણ દુઃખ ઉપજતું હોય ત્યાં પોતે ગમે તેટલું દુઃખ, ગમે તેટલી નુકશાની, ગમે તેટલી માન હાની અને ગમે તેટલી આપદા સહન કરી લ્યે પણ બીજાને દુઃખ ઉપજાવે નહીં. આ ભાવનામાં જણાવેલા વાક્યો માત્ર અક્ષર જ ગણી કે ગોખી વાળવા માટે નથી પણ તેવું આચરણ રાખવા માટેજ છે અને તોજ તે જીવ મૈત્રીભાવના વાસીત કહેવાય. મૈત્રીભાવનાથી પરાઙ્મુખ અનેક પ્રાણીઓ આપણી દૃષ્ટિએ પડે છે કે જેઓ પોતાને સહજનો લાભ થતો હોય, પોતાને સહજ પણ માન મળતું હોય અથવા પોતાનો ઉત્કર્ષ થવાનો સહજ આભાસ માત્ર જણાતો હોય તો ગમે તેટલું બીજાને દુઃખ પડે, કષ્ટ પડે, હાની થાય, હેરાનગતિ ભોગવવી પડે તેની કિંચિત્ પણ દરકાર કરતા નથી. મૈત્રીભાવના વાસીત સુજ્ઞ જીવોનો ત્રીજો વિચાર "આ જગત બધું કર્મથી મુકાઓ" એવો છે. કોઇપણ પ્રાણીને કર્મબંધ કરતો દેખીને તે રાજી થતો નથી શી રીતે કરવાથી અમુક પ્રાણી કર્મ ન બાંધે અથવા એવું જીવ કર્મ ન બાંધે અને કર્મથી મુકાય એવી શ્રી જિનેશ્વરની આજ્ઞા હોવાના અનુસારે જ્ઞાન દશા કેટલેક અંશે તેના મનમાં સ્ફુરી નીકળે છે. જે બીજાઓ કર્મથી મુકાય એમ અહર્નિશ ચિંતવે છે તે પોતે તો કર્મથી મુકાવા પ્રયાસ કરે એમાં આશ્ચર્ય શું? પોતાને માટે તો જેમ કેદખાનામાં રહેલા મનુષ્યના પ્રતિબંધનો વિચાર ન કરતાં લાગ મળી જાય, તપાસનારનો લાગ ચુકી જાય તો કેદખાનામાંથી છુટવાની ઇચ્છા રાખ્યા કરે છે તેમ અહર્નિશ એજ ચિંતવન કર્યા કરે છે કે આ સંસારવાસ-મહા દુઃખકારી કારાગૃહ તુલ્ય છે તેમાંથી કયારે છુટું. પર જીવો સાથે મૈત્રીભાવ ભાવનારના મનમાં પોતાના આત્માનું હિત કરવાનો સ્વમૈત્રીભાવ તો અગ્ર સ્થાન કરી રહેલો હોય છે અને પરજીવો પ્રત્યેનો મૈત્રી ભાવ તેના

આત્મહિતમાં સંપૂર્ણ પ્રકારે પુષ્ટિ કરે છે. **શ્રી યોગ શાસ્ત્રના** કર્તાએ કહેલા શ્લોકમાં મૈત્રીભાવનાનું સ્વરૂપ સારી રીતે ખડું કરેલું છે.

**શ્રી શાંત સુધારસના** કર્તા **શ્રી વિનયવિજયોપાધ્યાય** પૂર્વ શ્લોક કરતાં પણ વધારે સુન્દરભાવ પ્રદર્શિત કરે છે. તે કહે છે કે—હે આત્મા! તું આ જગતમાં સર્વ સ્થાનકે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવનું ચિંતવન કર અને આ જગતમાં તારો કોઈપણ શત્રુ નથી એમ ચિંતવ. કેમકે માત્ર થોડા દિવસ સ્થાયિ રહેનારા આ જીવિતમાં વૈરીપણાની બુદ્ધિ રાખીને બીજા જીવોની સાથે શામાટે ખેદ પામે છે? અર્થાત્ આ ભવ સંબંધી આયુષ્ય પૂર્ણ થશે તો તું ક્યાં જઈશ. અને તારો વૈરીજીવ ક્યાં જશે તેનો કાંઈ નિશ્ચય નથી. તો અત્રેનું વૈર પાછું ઉભું રહેશે તે કોણ જાણે ક્યા ભવમાં તારે ભોગવવા વખત આવશે. માટે તેવી સંસાર વૃદ્ધિકારક ક્રિયામાં ન પડતાં સર્વ વૈરભાવને આ ભવમાંજ શાંત કરી દે જેથી અન્ય ભવમાં તેની શ્રેણી ચાલેજ નહીં. આટલાજ કારણથી શ્રાવકની આવશ્યક ક્રિયામાં **શ્રી પ્રતિક્રમણ ( વંદિતા ) સૂત્રમાં** કહ્યું છે કે—

**खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ॥**
**मित्तिं मे सव्व भूएसु वेरं मज्झं न केणइ ॥४९॥**

"હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મારા અપરાધ ક્ષમા કરજો, મારે સર્વ જીવો સાથે મૈત્રી છે, મારે કોઈની સાથે વૈર નથી." અપૂર્ણ.

---

## પર્યુષણ સંબંધી ખુલાસો.

આ વર્ષમાં ભાદરવા શુદ ૧ નો ક્ષય હોવાથી શ્રાવણ વદ **૧૧** ને મંગળવારે પર્યુષણ બેસશે. કલ્પધર વદ ૧૪ ને શુક્રવારે થશે. તેજ દિવસે પાક્ષિક પ્રતિક્રમણ કરવું. છઠ્ઠ કરનારે વદ ૧૩ ને વદ ૧૪ નો કરવો. મહાવીર જન્મોચ્છવ ૦)) ને દિવસે થશે. છઠ્ઠાતીના પારણા પણ તેજ દિવસે થશે. આ પ્રમાણે કરવામાં તપગચ્છમાં સર્વત્ર એકજ રીતે પ્રવર્તમાન છે. તેમાં કાંઈ મતભેદ કે પક્ષભેદ નથી.

---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## मुद्दत वधारवामां आवी छे.

## જૈન લેખકોને ખાસ ઉત્તેજન.

ઇનામ રૂ ૫ )

જે કોઇ જૈન લેખક આ ચોપાનીઆના ૧૬ પૃષ્ઠ થઇ શકે એટલા પ્રમાણમાં સમ્યક્ત્વ, મૈત્રીભાવના અને રાગ (૧૦ મું પાપસ્થાન) એ ત્રણ વિષયમાંથી કોઇપણ વિષય સંબંધી શુદ્ધ ભાષામાં વિષય લખી મોકલશે અને તે વિષય અમોએ નીમેલી સભાસદોની કમીટી ચોપાનીઆમાં દાખલ કરવા લાયક તરીકે પસાર કરશે તો તેને ઉપર લખેલું ઇનામ મળી શકશે,

આવેલા વિષયમાંથી એકજ વિષય પસાર થશે એવો નિયમ સમજવો નહીં.

ત્રણ વિષયો લખી મોકલશે અને તે પસાર થશે તો પાંચ પાંચ રૂપીઆના ત્રણ ઇનામો મળશે.

આ વિષયો આજથી એક માસની અંદર આવવા જોઇએ

પસાર થએલા વિષય, લખનારના નામ સાથે આ ચોપાનીઆમાં છપાવવામાં આવશે. પરંતુ તેના ઉપર હક સભાનો ગણાશે.

આ વિષયો આખા કથાના ભરેલા ન જોઇએ. માત્ર પ્રસંગોપાત નાના દૃષ્ટાંત અથવા કોઇ કથાનો સાર આપ્યો હશે તો ચાલી શકશે.

ઠરાવેલું ઇનામ લખનારના પ્રયાસની કિંમત તરીકે નહીં, પરંતુ નવા પણ જૈન લેખકો પ્રસિદ્ધમાં આવે એટલા માટે માત્ર ઉત્તેજન તરીકે છે.

પ્રમાણ કરતાં પણ મોટો વિષય લખી મોકલનારને લખાણ ઉત્તમ પ્રકારનું હશે તો વધારે ઇનામ આપવા સંબંધી પણ સભા વિચાર કરશે.

આ વિષયો કાગળની એક બાજુ અને ચોખા અક્ષરથી લખી મોકલવા.

અમરચંદ ઘેલાભાઈ મંત્રી.

---

ખાસ સુચના—"મૈત્રીભાવના"નો વિષય આ અંકમાં અમે દાખલ કર્યા છે. તેથી તે વિષય લખી મોકલનારે આની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાથે અનુસંધાન થઇ શકે તેવો અને વધેલી હકીકતનું ફરી ગુજરાતીમાં તેવાજ શબ્દોમાં ન થાય તેવા લખી મોકલવા. તથા

## સોનેરી તક અને કીંમતી લાભ ખોવા નહિ!!

## सद्गति पामवानो अने स्थिति सुधारवाना सरळ ईलाज.

જીવદયા પાળવી પળાવવી અને હિંસા તજવી તજાવવી એ જૈનધર્મનો મુખ્ય ઉદ્દેશ છે; તેમજ અન્ય ધર્મ શાસ્ત્રોમાં પણ અહિંસાનોજ ધર્મ માન્યો છે. આ વિષય ઉપર મેં **"પ્રાણી હિંસા નિષેધક"** નામનું પુસ્તક રચ્યું છે તેમાં હિંસક પશુના બદલામાં પણ ત્યાગનો બોધ થાય એવા અનેક દાખલા વર્ણન કરી હિંદુ, મુસલમાન, પારસી અને ખ્રીસ્તી ધર્મગ્રંથોના પ્રમાણો ટાંક્યાં છે. તેની કીંમત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી **પાંચ આના** અને પાછળથી લેનાર પાસેથી **સાત આના** રાખી છે. સત્વર એક કાર્ડ લખી નામ નોંધાવો. ગ્રાહકનાં નામ પુસ્તકને છેડે છપાવવામાં આવશે.

☞ પ્રિય જૈનધર્મી સદ્ગૃહસ્થોને વિનંતી કરવાની કે-તમે દયા માતા ના ભાવિક સેવકો છો તો આવા દયાના કામમાં યોગ્ય મદદ આપશો-અપાવશો. તમારા શિવાય અન્ય ધર્મના લોકો આ પુસ્તકના ગ્રાહક કરી નાખશો કે જેથી તેઓ તેના વાંચવામાં તેમ વિશેષ ભાવ નજરથી જોશે એવી આશા છે.

તા. ૨૦-૭-૯૭ } **મોતીલાલ મનસુખરામ શાહ.**

વિસલપુર. હાલે અમદાવાદ. } 'ગુ. શબ્દાર્થ કોષ' અને 'સદુપદેશમાળા'ના કર્તા.

## લવાજમની પહોંચ.

| | |
|---|---|
| ૩—૦ શા. ગુલાબચંદ હરીલાલ. | ૨—૬ શા. ફુલચંદ તારાચંદ |
| ૦—૬ શા. વાડીલાલ ગોમડ | ૨—૬ શા. હરજીવન હીરાચંદ |
| ૦—૩ શા. પદમશી શવજી | ૧—૩ પરી. વીરચંદ રામચંદ |
| ૧—૮ શા. કેશવ ખીમચંદ | ૦—૫ શા. માણેકચંદ રામચંદ |
| ૨—૮ શા. પીતાંબર આણંદજી | ૧—૩ શા. વના જીવા |
| ૧—૪ શા. ફુલચંદ હીરાચંદ | ૧—૦ શા. દુલભજી લખમીચંદ |
| ૧—૩ શા. પીતાંબરદાસ બનાનદાસ. | ૧—૩ ડાકટર હરખચંદ અમુલખ |
| ૧—૩ દોશી. વીરજી ભીમજી | ૧—૩ મેતા. આશારામ બાલચં |
| ૧—૩ ભાણશાળી. ગોપાળજી નેમચંદ | ૧—૩ શા. મગનલાલ સ્વરૂપચં |
| ૧—૩ શા. છોટાલાલ સ્વરૂપચંદ | ૦—૧૩ શા. મેઘચંદ પારસી |

For Private And Personal Use Only